SANDESH NEWSPAPER DATED 4TH AUGUST 2009

# રાજ્યની ITIમાં બે લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ

ગાંધીનગર, સોમવાર

જીસીઈઆરટી ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી વજુભાઈ વાળાના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્યની આઈટીઆઈમાં પર્યાવરણ વ્યવસ્થાપન અને વૃક્ષારોપણ બાબતનો પરિસંવાદ યોજવામાં આવેલ હતો. સમગ્ર વિશ્વમાં પર્યાવરણની જાળવણી સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ માટે પડકારૂપ પ્રશ્ન તેમજ માનવજાત માટે મુખ્ય ચિંતાનો વિષય બની રહ્યો છે. હેતુસર ચાલુ વર્ષે રાજ્યના શ્રમ અને રોજગાર હેઠળના રોજગાર અને તાલીમ ખાતા અંતર્ગત રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં દર વર્ષે યોજાતા વન મહોત્સવ ને એક વિશિષ્ટ ઓપ આપી તમામ કક્ષાએથી સુવ્યસ્થિત આયોજન કરી રાજ્યની આઈટીઆઈ માટે ચોક્કસ લક્ષ્યાંકો નિર્ધારીત કરીને કુલ બે લાખ કરતા પણ વધુ વૃક્ષોની રોપણી કરવામાં આવેલ છે. એટુલં જ નહી આ વૃક્ષોની જાળવણી માટે તમામ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

## ગુજરાતની આઈટીઆઈમાં પર્યાવરણ વ્યવસ્થાપન અને વૃક્ષારોપણ બાબતનો પરિસંવાદ યોજાયો

રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને વિશ્વ બેંક સહાયથી સેન્ટર ઓફ એક્સલન્સ અંતર્ગત અપગ્રેડ કરવામાં આવેલ છે. ૧૯ આઈટીઆઈ તેમજ ૨૧ રોજગાર કચેરીને પણ આઈએસઓ પ્રમાણપત્ર મળેલ છે. આ ઉપરાંત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં ૪૦ આઈટીઆઈને સેન્ટ્રલ ઓફ એક્સલન્સ તળે અપગ્રેડ કરવાની માહિતી આપી હતી. આ ઉપરાંત ડિઝીટલ લેન્ગ્વેઝ લેબ, ફલેક્ષી એમઓયુ જેવી વિશિષ્ટ કામગીરીની પણ માહિતી આપેલ હતી. આ પરિસંવાદમાં વન વિભાગના અધિકારી ડો. એ.પી. સિંઘ, વન સંરક્ષક ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી જશવંતસિંહ ભાભોરે પણ નિયામક રોજગાર અને તાલીમના તાબા હેઠળની આઈટીઆઈઓ સરસ્વતી ભવન બને તેમજ વૃક્ષોનું પૂજ્યભાવે જોવાની વિશિષ્ટ દૃષ્ટિને બિરદાવેલ. અધ્યક્ષસ્થાને બોલતાં શ્રમ અને રોજગાર મંત્રી વજુભાઈ વાળાએ જણાવેલ હતું કે, ભારત સરકાર દ્વારા પ્રકાશિત થતાં અહેવાલ અનુસાર વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં ગુજરાત રાજ્ય સતત છ વર્ષથી બેરોજગાર ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં પ્રથમ રહેલ છે. આ ઉપરાંત વૃક્ષોની વાવણી અને જતનમાં નિકટવર્તી ઉદ્યોગગૃહોનો સહયોગ લેવા અનુરોધ કર્યો હતો.

આ પરિસંવાદમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવો શુભ્રાંગ્સુ ગૌસ્વામી, પ્રોફેસર, સીઈપીટી, એસ.જે. પંડિત, નાયબ વન સંરક્ષક, એસપીઆઈપીએ, ગોપાલકુમાર જૈન, સેન્ટર ઓફ એન્વાયરમેન્ટ એજ્યુકેશન, નહેરુ ફાઉન્ડેશન, અમદાવાદ તથા સી.વી.સોમ, નિયામક રોજગાર અને તાલીમે પ્રસંગોચિત પ્રવચનો તેમજ જરૂરી માર્ગદર્શન આપેલ હતું. રાજ્યની વિવિધ આઈટીઆઈમાંથી ઉપસ્થિત આચાર્યઓએ પણ આ સિદ્ધિ હાંસલ કરવા માટેના તેમના પ્રયત્નો તેમજ અનુભવો વર્ણવ્યા હતા. આ પરિસંવાદમાં રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના આઈએમસી (સંસ્થાકીય વ્યવસ્થાપન સમિતિ)ના ચેરમેને પણ ઉપસ્થિત રહ્યા હતા.